DATE :- 08-10-2025

DIVYA BHASKAR, PAGE-VI, SURAT

# કાપોદ્રા મેટ્રો સ્ટેશનના ગેટ માટે જમીન ફાળવવા મંજૂરી મંગાઈ

**ઇન્ફ્રાસ્ટ્રક્ચર રિપોર્ટર | સુરત**

કાપોદ્રા મેટ્રો સ્ટેશનના ઈલેક્ટ્રિક સબ સ્ટેશન માટે ફાયનલ ટી.પી 16 (કાપોદ્રા), ફા.પ્લોટ 51 (સ્કૂલ) પૈકી 1384 ચો.મી અને 52 (ઈલેક્ટ્રિક સબ સ્ટેશન) પૈકી 1478 ચો.મીની જમીન ફાળવવા દરખાસ્ત મૂકાઈ છે. સ્ટેશનના એન્ટ્રી-એક્ઝિટ અને એન્સિલરી બિલ્ડિંગ માટે ફાયનલ ટી.પી 16 ફા. પ્લોટ નં. 51 પૈકી અનુક્રમે 654 ચો.મી અને 205 ચો.મી મળી કુલ 859 ચો.મી જમીન માંગી છે. આ માટે GMRCએ રજુઆત કરી છે કે, જમીન બજાર ભાવે નહીં પણ 2011ના જંત્રી ભાવે ફાળવવામાં આવે અને રૂ. 2.50 પ્રતિ ચો.મી લેખે વાર્ષિક ભાડું અને 99 વર્ષની લીઝથી ફાળવણી કરવા અને 99 વર્ષના ભાડાની રકમ એડવાન્સમાં વસુલવામાં આવે.